**–:: ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૧૪૪, ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭(૪), ૪૩ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ, ૨૦૦૫ ની કલમ–૩૪, ગુજરાત એપેડેમીક ડીસીઝ કોવીડ–૧૯ રેગ્યુલેશન્સ, ૨૦૨૦ અન્વયેનું જાહેરનામું ::–**

નં.જે/એમએજી/કોરોના/જા.નામુ/ફા.નં.૦૨/૨૦૨૦(૯૦)

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,
જિલ્લા સેવા સદન, શ્રોફ રોડ,
જામટાવર સામે, રાજકોટ.
તા.૨૪/૦૨/૨૦૨૨.

**જાહેરનામું :–**

હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ધ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. આ સબંધમાં રાજય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૩/૦૩/૨૦૨૦ ના જાહેરનામાથી The Gujarat Epidemic Deases, COVID-19 Regulations, 2020 જાહેર કરેલ છે. રાજયમાં COVID-19 ના સંક્રમણની બાબતને ધ્યાને લઈ ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગ ધ્વારા વખતોવખત નિયંત્રણો મુકવામાં આવેલ. તા.૧૭/૦૨/૨૦૨૨ ના હુકમ ક્રમાંક વિ–૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ થી તા.૨૫/૦૨/૨૦૨૨ ના ૦૫:૦૦ કલાક સુધી નિયંત્રણો મુકવામાં આવેલ. કોરોનાની પ્રવર્તમાન પરિસ્થિતીની પુન:સમીક્ષા કરી સરકારશ્રીના ગૃહ વિભાગ, ગાંધીનગરના હુકમ ક્રમાંક: વિ–૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, તા.૨૪/૦૨/૨૦૨૨ થી અમુક નિયંત્રણો તા.૨૫/૦૨/૨૦૨૨ થી તા.૦૧/૦૩/૨૦૨૨ સુધી અમલમાં મુકવામાં આવેલ છે.

**હુકમ :–**

જેથી હું, **અરૂણ મહેશ બાબુ (IAS), જીલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જીલ્લા, રાજકોટ,** ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪, ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૭(૪), ૪૩, ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ–૩૪ તથા ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન–૨૦૨૦ અન્વયે મને મળેલ સતાની રૂએ ફરમાવુ છું કે,

(૧) **તમામ પ્રકારના રાજકીય, સામાજીક(લગ્ન સહિત), શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક કાર્યક્રમો, રમત ગમતની પ્રવૃતિઓ, અન્ય તમામ જાહેર સમારંભો, ઓડીટોરીયમ, એસેમ્બલી હોલ તથા મનોરંજક સ્થળોમાં–ખુલ્લા સ્થળોમાં સ્થળની ક્ષમતાના મહતમ ૭૫% વ્યકતિઓ જયારે બંધ સ્થળોએ સ્થળની ક્ષમતાના મહતમ ૫૦ % ની મર્યાદામાં વ્યકિતઓ એકત્રિત થઈ શકશે.**

(૨) **તમામ આર્થિક પ્રવૃતિઓ સાથે સંકળાયેલા માલિકો, સંચાલકો, કર્મચારીઓ તેમજ કામગીરી સાથે સંકળાયેલ તમામ વ્યકિતઓ માટે વેકસીનના બે ડોઝ ફરજીયાત રહેશે.**

(૩) **જાહેર સ્થળો/કામના સ્થળો ઉપર અને આવન–જાવન સમયે લોકોએ માસ્ક પહેરવું/ચહેરો ઢાંકવાનો રહેશે.**

(૪) **જાહેર સ્થળોએ તમામ વ્યકિતઓએ ઓછામાં ઓછુ ૬ ફુટનું અંતર જાળવવાનું રહેશે. ગ્રાહકો વચ્ચે Physical Distancing જળવાઈ રહે તેની ખાતરી દુકાનદારોએ કરવાની રહેશે.**

(૫) **જાહેર સ્થળોએ થૂકવુ નહી. જેના ભંગ બદલ સરકારશ્રી ધ્વારા વખતોવખતના હુકમથી નિયત કરેલ દંડને પાત્ર થશે.**

(૬) **કેન્દ્ર સરકાર તથા રાજય સરકારનાં વખતોવખતનાં હુકમથી આપવામાં આવેલ આદેશો તથા માર્ગદર્શક સુચનાઓ આખરી રહેશે અને તમામે ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.**

**–: વિસ્તાર :–**

આ જાહેરનામું રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તાર સીવાયના રાજકોટ ગ્રામ્ય જિલ્લાના વિસ્તારમાં લાગુ પડશે.

**–: અમલવારીનો સમય :–**

આ હુકમની અમલવારી તા.૨૫/૦૨/૨૦૨૨ થી તા.૦૧/૦૩/૨૦૨૨ સુધી કરવાની રહેશે.

-:: શિક્ષા ::-

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫, ૧૩૯, ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ, ૨૦૦૫ તથા ગુજરાત એપેડેમીક ડીસીઝ કોવીડ-૧૯ રેગ્યુલેશન્સ-૨૦૨૦ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રી થી આસીસ્ટન્ટ પોલીસ સબ ઈન્સપેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૭, ૧૮ તથા ૧૯ થી મળેલ સત્તાની રૂએ અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાની બજવણી કરવી વ્યકિતગત રીતે શકય ન હોય એકતરફી હુકમ કરવામાં આવે છે તથા આ હુકમની જાહેરાત વર્તમાન પત્રોમાં, અખબારી યાદી રૂપે આપી તથા રેડીયો ટેલીવીઝન, કેબલ ટીવી નેટવર્ક તથા લોકો એકત્રીત થતા હોય તેવી કચેરીઓમાં નોટીસ બોર્ડ ઉપર ચોટાડીને તથા રાજય સરકારના ગેઝેટમાં પ્રસિધ્ધ કરીને કરવાની રહેશે.

આજ તારીખઃ ૨૪ માહેઃ ફેબ્રુઆરી-૨૦૨૨ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો લગાડી હુકમ બહાર પાડયો.

OFFICE OF THE DISTRICT MAGISTRATE, RAJKOT DISTRICT
GUJARAT STATE

(અરૂણ મહેશ બાબુ)
કલેકટર અને
જિલ્લા મેજીસ્ટ્રેટ,
રાજકોટ જિલ્લા,
રાજકોટ.

નકલ રવાના :-

૧. અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨. સચિવશ્રી, આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૩. કમિશ્નરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ, ગુજરાત રાજય, જુના સચિવાલય, ગાંધીનગર.
૪. પોલીસ મહા નિર્દેશકશ્રી અને પોલીસ મહા નિરિક્ષકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
૫. અધિક પોલીસ મહા નિર્દેશકશ્રી, (ઈન્ટે.), ગુજરાત રાજય, ગાંધીનગર.
૬. ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, રાજકોટ રેન્જ, રાજકોટ.
૭. પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર, રાજકોટ.
૮. પ્રાદેશિક કમિશ્નરશ્રી, નગરપાલિકાઓ, જિલ્લા સેવા સદન-૩, રાજકોટ.
આ જાહેરનામુ રાજકોટ જિલ્લાની તમામ નગરપાલિકાઓને તાત્કાલિક બજાવવા તથા તેની અમલવારી સુનિશ્ચિત કરાવવા સારૂ.
૯.પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય, રાજકોટ.
(આ જાહેરનામુ તાબાના પોલીસ સ્ટેશનોએ બજાવવા, જાહેરાત જાહેર સ્થળોએ તેની નકલો ચોંટાડી પ્રસિધ્ધિ આપવા અને તેમ કર્યાના પંચનામા આપના રેકર્ડ પર રાખવા તેમજ જાહેરનામાની અમલવારી સુનિશ્ચિત કરાવવા સારુ.)
૧૦. નિયામકશ્રી, માહિતિ ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગર.
૧૧. જીલ્લા સરકારી વકીલશ્રી, રાજકોટ.
૧૨. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.
(ગુજરાત રાજયના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી તેની ૫ નકલો મોકલવા સારૂ)
૧૩. રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, રાજકોટ.
૧૪. નામ.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ.
૧૫. નામ. જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, ફર્સ્ટ કલાસ, રાજકોટ / ગોંડલ / જેતપુર / ધોરાજી / ઉપલેટા / જસદણ / પડધરી/કોટડા સાંગાણી/જામકંડોરણા.

૧૬. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ શહેર-૧/રાજકોટ શહેર-૨/ રાજકોટ ગ્રામ્ય / જસદણ / ગોંડલ / ધોરાજી
૧૭. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, ગોંડલ / જેતપુર.
૧૮. મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ પુર્વ / રાજકોટ પશ્ચિમ / રાજકોટ દક્ષિણ / રાજકોટ તાલુકા / જસદણ / વીછીયા / લોધીકા / કોટડાસાંગાણી / ગોંડલ શહેર / ગોંડલ તાલુકા / જેતપુર શહેર / જેતપુર તાલુકા / ધોરાજી / ઉપલેટા / જામકંડોરણા / પડધરી.

૧૯. પોલીસ ઈન્સ્પેકટરશ્રી .....................(તમામ) ( પોલીસ અધિક્ષકશ્રી ,રાજકોટ ગ્રામ્ય મારફત)
પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરી તેના પંચરોજકામની નકલ આપના રેકર્ડ પર રાખવા તેમજ જાહેરનામાની અમલવારી કરવા સારૂ.

૨૦. સંયુકત માહિતિ નિયામકશ્રી, રાજકોટ....સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.

૨૧. ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા,......(તમામ) (પ્રાદેશિક કમિશ્નરશ્રી,નગરપાલિકાઓ,રાજકોટ મારફત)

૨૨. નાયબ શ્રમ આયુકતશ્રી, રાજકોટ.

૨૩.મદદનીશ શ્રમ આયુકતશ્રી, રાજકોટ.

૨૪.સરકારી શ્રમ અધિકારીશ્રી, રાજકોટ.

૨૫. મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જીલ્લા પંચાયત, રાજકોટ.

૨૬. વિભાગીય નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ, રીડ કલબ, સરકારી પ્રેસ સામે, રાજકોટ.

૨૭.આરોગ્ય અધિકારીશ્રી, રાજકોટ મહાનગરપાલિકા,રાજકોટ.

૨૮.આઈ.સી.ટી. ઓફીસરશ્રી, કલેકટર કચેરી, રાજકોટ

૨૯.શાખાધ્યક્ષશ્રી, રજીસ્ટ્રી શાખા, કચેરીમાં

ઉકત જાહેરનામાના ગેઝેટની નકલ કચેરીમાં મળ્યે તાત્કાલીક મેજિસ્ટ્રેરીઅલ શાખામાં પહોંચતી કરવા સારૂ.

OFFICE OF THE DISTRICT MAGISTRATE, RAJKOT DISTRICT • GUJARAT STATE